# આજની દ્રૌપદી

–કુમુદ પરીખ

અમેરીકામાં વીક–એન્ડ આવે એટલે કાંઈક ને કાંઈક પ્રોગ્રામ હોય જ. કોઈકને ત્યાં જવું અથવા કોઈકને પોતાને ત્યાં બોલાવવું, ક્યાંક ફરવા જવું... આ બધું ચાલતું જ હોય.

એ રીતે આજે અમે પણ એક મીત્રને ત્યાં પાર્ટીમાં જવા તૈયાર થયાં. પહોંચીને જોયું તો બૅકયાર્ડમાં ખાવાપીવાનું ચાલતું હતું. ઝાકઝમાળ કપડાં પહેરીને યુવાન છોકરીઓ એકબીજા સાથે ગપ્પાં–ગોષ્ઠી કરતી હતી. હું પણ મારી પ્લેટ લઈને એ ટોળામાં વાતે વળગી.

એટલામાં મારી યજમાન ફ્રેન્ડ, આવી પહોંચી. મને પ્રેમથી આવકારી. એની સાથે વાતો કરતાં કરતાં મારી નજર સહેજ દુરના એક ટૅબલ પર પડી. એક ગોરો અમેરીકન અને એક દેશીબાઈ બેઠેલાં દેખાયાં. એમની બાજુમાં બેઠેલી ૧૦–૧૨ વર્ષની બે નાની દીકરીઓ કાંઈક ખાતી હતી. દેશી બાઈના મોં પર કશો આનન્દ દેખાતો નહોતો.

'પેલાં બે જણાં કોણ છે ?' મેં મારી બહેનપણીને પુછ્યું.

'એ તો મારી કઝીન છે. અમેરીકનને પરણી છે. તમે નથી ઓળખતાં ? ચાલો, ઓળખાણ કરાવું.' અમે ત્યાં પહોંચ્યાં.

'નંદાબહેન, આ મારી કઝીન રાધા અને આ એના પતી માઈક. અને એમની બે દીકરીઓ. રાધા, આ મારી વર્ષો જુની બહેનપણી નંદા. બહુ જ સરસ લખે છે.' એક બીજાને મળ્યાનો આનન્દ અમે વ્યક્ત કર્યો. થોડી વાતચીત કરીને હું પાછી બીજા મીત્રોને મળવા પાર્ટીમાં ચાલી ગઈ.

રાધા અને એના અમેરીકન પતીના ટેબલ પાસે કોઈ ફરકતું નહોતું. એ એકલાં જ એમની બે બેબીઓ સાથે ત્યાં બેસી રહ્યાં હતાં. મારા મનમાં પણ એક મોટો પ્રશ્નાર્થ રોપાઈ ગયો... રાધાનો પતી અમેરીકન છે; છતાં આ દીકરીઓ પુર્ણ દેશી–ઈન્ડીયન કેમ લાગે છે ! મીશ્ર એટલે મીક્સ્ લગ્નોથી થયેલાં છોકરાં તો જુદાં જ હોય ! આ ભેદ જાણવા માટે મારું મન અધીરું થવા લાગ્યું. જમવાના ટાઈમે મારી પ્લેટ લઈને હું રાધા અને માઈકના ટેબલ ઉપર પહોંચી.

'હું બેસું તમારા ટેબલ ઉપર ?'

'બહુ ખુશીથી...' રાધા અને માઈકે આવકારી. વાતો કરતાં કરતાં અમે જમ્યાં. વાતવાતમાં ખબર પડી કે ગુજરાતમાં મારું અને રાધાનું ગામ એક જ છે. અમે બહુ ખુશ થયાં. મારા મનમાં જે કોયડો હતો એ વીશે તો કાંઈ વાત હું ન કરી શકી. અને એમ તરત થાય પણ કેવી રીતે !

જમી રહ્યા પછી રાધા ઉભી થઈ.

'નંદાબહેન, આ દીકરીઓ બહુ કંટાળી છે. માઈકને પણ સવારે વહેલા જવાનું છે. એટલે અમે જઈએ છીએ. કોઈક વાર તમે અમારા ઘરે આવો ને !' રાધાએ આગ્રહ કર્યો. હું પણ આ તકની જ રાહ જોતી હતી. અમે એકબીજાના ફોન નંબરની આપલે કરી.

ત્રણેક અઠવાડીયાં વીતી ગયાં. એક દીવસ મને બધું યાદ આવ્યું. મેં તરત રાધાને ફોન કર્યો. થોડી વાતો પછી રાધા બોલી :

'નંદાબહેન, પરમ દીવસે શનીવાર છે. તમે કાંઈ ન કરતા હો તો આવોને અમારે ઘેર. બેસીશું થોડીવાર. આપણે સાથે લંચ લઈશું. માઈક કામે જવાનો છે. આવશો ?'

'હા... જરુર મળીએ.' મેં તક ઝડપી લીધી.

ડીસેમ્બરના કુણા તાપવાળો ખુશનુમા શનીવાર હતો. હું રાધાને ઘરે પહોંચી ગઈ. માઈક અને રાધાએ મને પ્રેમથી આવકારી. સુંદર ઘર હતું. બાગબગીચો પણ સરસ હતો. માઈક, રાધા અને હું લંચ લેવા બેઠાં. લંચ પછી માઈક એના કામે નીકળી ગયો. છોકરીઓ એમના રુમમાં કમ્પ્યુટર ઉપર મશગુલ હતી. હું અને રાધા વાતે વળગ્યાં. વાતો કરતાં કરતાં મારી નજર બૅકયાર્ડના દુરના ખુણામાં ગઈ. વ્હીલચેર ઉપર કોઈ બેઠું હોય એવું મને લાગ્યું. રાધાની નજર ચુકવીને મેં ફરીથી ધ્યાનપુર્વક જોયું. મને ખાતરી થઈ કે વ્હીલચેર ઉપર કોઈ વ્યક્તી છે જ. મને માત્ર પીઠ જ દેખાતી હતી.

'રાધા, કોઈ મહેમાન આવ્યા છે ? પાછળ બૅકયાર્ડમાં કોઈ બેઠું લાગે છે.'

કોણ જાણે કેમ પણ થોડી ક્ષણો માટે રાધા એકદમ સંકોચાઈ ગઈ. પછી ધીમે રહી બોલી.

'ઓહ... વ્હીલચેર ઉપર છે એમની વાત કરો છો ? આવો બહાર, હું તમને ઓળખાણ કરાવું.' અમે બહાર બૅકયાર્ડમાં ગયાં. 'ગોપાલ...' રાધાએ એ વ્યક્તીને બોલાવી. ગોપાલે વ્હીલચેર ફેરવી. 'ગોપાલ, આ નંદાબહેન છે. દેશમાં આપણા ગામનાં જ છે. વર્ષોથી અમેરીકા આવી ગયાં છે એટલે આપણે ના ઓળખીએ.'

પછી બહુ જ ધીમા, દર્દભર્યા અવાજે રાધા મારા કાનમાં બોલી. 'નંદાબહેન, આ ગોપાલ મારા પુર્વપતી (Ex-husband) છે.'

Ex–husband ! આ શબ્દ સાંભળીને મને મનમાં ઉંડો આંચકો લાગ્યો. મારા કાન આ માનવા તૈયાર નહોતા. મારે શું સમજવું ? Ex–husband પણ સાથે જ, એક જ ઘરમાં રહે એવું મેં કદી સાંભળ્યું નહોતું. એમાંય આ તો ઈન્ડીયન સ્ત્રી છે ! આ તો કાંઈક અદ્ભુત, કાંઈક નવી જ કુટુમ્બવ્યવસ્થા મને લાગી ! મનમાં તો હું મુંઝાઈ હતી. પણ બહાર કશું દેખાવા દીધું નહીં. જાણે સાવ સ્વાભાવીક રીતે કરતી હોઉ એમ મેં નમસ્તે કર્યા. ગોપાલના હાથ અને પગ સાવ અપંગ થઈ ગયા હતા.

મને હવે ખ્યાલ આવી ગયો કે બન્ને દીકરીઓ ગોપાલથી જન્મી હશે.

થોડી વાતચીત પછી હું ઘરે આવવા નીકળી. એક લેખીકા તરીકે આખે રસ્તે મારા મનમાં 'રાધા... ગોપાલ... અને માઈકની આ જીવનવ્યવસ્થા' સમજવાની ઈંતેજારી ચાલુ રહી.

રાધાના ઘરે મારું આવવા જવાનું વધી ગયું. ગોપાલ સાથે, માઈક સાથે, એમની બે દીકરીઓ સાથે... બધા સભ્યો સાથે મારે આત્મીય સમ્બન્ધો બંધાવા લાગ્યા. ખાસ તો ગોપાલને મારી સાથે વાતો કરવામાં કાંઈક આશ્વાસન અને કાંઈક શાન્તી મળતી. હું એ આખા કુટુમ્બ સાથે ભળી ગઈ.

એક દીવસ હું અને રાધા એકલાં બેઠાં બેઠાં ચા પીતાં હતાં. આ તકનો લાભ લઈને મેં વાત છેડી.

'રાધા, તને વાંધો ના હોય તો એક સવાલ પુછું ?'

'પુછોને... મને ખબર છે તમે શું પુછવા માંગો છો... છતાં પુછો ?'

'રાધા, તું માઈકને પરણી છે; છતાં ગોપાલ તારા ex–husband પણ તારી સાથે જ રહે છે... આ બધું તારા જીવનમાં શું ચાલી રહ્યું છે...? મને તો કાંઈ સમજાતું નથી !'

તરત જ રાધાની આંખમાંથી આંસુઓનો ધોધ વહેવા લાગ્યો. મારા સહાનુભુતીભર્યા શબ્દોએ એનો ડુમો જાણે એકદમ ખોલી નાંખ્યો. એણે ચાનો કપ નીચે મુકી દીધો. મોં ઢાંકીને ધ્રુસકે ચઢી ગઈ. હું એની પીઠ પંપાળવા લાગી. થોડીવાર એને રડીને હલકી થવા દીધી.

'રાધા, સૉરી. તારે આ વીશે વાત ના કરવી હોય તો આપણે પડતું મુકીએ.'

'ના... ના... નંદાબહેન એવું નથી. મારે પણ તમારી સાથે વાત કરીને મારો બોજ હળવો કરવો જ હતો. સામાન્ય સ્ત્રીઓ કરતાં તમે મને કંઈક જુદાં અને જીવનની ગુંચવણોને સમજવાવાળાં લાગો છો. નંદાબહેન, હું લાગણીઓનાં વાવાઝોડાંમાં ફસાઈ ગઈ છું. શું કરવું એ મને સમજાતું નથી. મને કોઈ માર્ગ દેખાતો નથી. બધાંને ખુશ કરવા જતાં હું કોઈને ખુશ રાખી શકતી નથી. મારા જીવનમાં બન્યું છે એવું કોઈ સ્ત્રીની જીન્દગીમાં નહીં બન્યું હોય. અને કદી બને નહીં એવું હું ઈચ્છું છું.'

'શું બન્યું છે એ મને વીગતવાર કહે.' મેં એનાં આંસુ લુછ્યાં.

'હાઈ સ્કુલમાં ભણતાં હતાં ત્યારથી હું અને ગોપાલ એક બીજા તરફ આકર્ષાયાં હતાં. હાઈ સ્કુલ પુરી કર્યા પછી હું ગામ પાસેની કૉલેજમાં ભણીને બી.એ. થઈ. ગોપાલ શહેરમાં જઈને એન્જીનીયર થયો. અમારું પ્રેમ પ્રકરણ ખાનગીમાં ચાલુ જ હતું. નંદાબહેન, કૉલેજના દીવસોમાં આ પ્રેમ પ્રકરણ કરવાની કેવી મઝા આવે નહીં !' રડતાં રડતાં રાધા થોડું હસી પડી. બે ક્ષણ માટે એની વેદના જાણે અદશ્ય થઈ ગઈ ! હું પણ હસી.

આંસુ લુછી એણે આગળ વાત ચાલુ રાખી.

'નંદાબહેન, પછી તો અમારાં ઘરવાળાએ અમને રાજીખુશીથી લગ્નની સમ્મતી આપી અને અમે પરણી ગયાં. અમેરીકાથી મારો ભાઈ લગ્નમાં આવેલો. એણે મારા માટે અમેરીકાનાં બધાં કાગળીયાં તૈયાર કરી અમને અમેરીકા બોલાવી લીધાં. અમેરીકામાં ગોપાલને ખુબ સારા પગારની નોકરી મળી ગઈ. મેં પણ કમ્પ્યુટરનો કોર્સ કરી લીધેલો એટલે મને પણ નોકરી મળી ગઈ. ભાઈ–ભાભીની મદદથી અમે સરસ ઘર ખરીદી લીધું અને અમારો ઢીંગલા–ઢીંગલીનો સંસાર શરુ થયો. નર્યું સુખ ચારે તરફ પથરાયેલું હતું. એમાં ચાર વરસના ગાળામાં વધારો થયો આ બે રુપાળી દીકરીઓનો. ગોપાલ તો આ છોકરીઓ પાછળ પાગલ છે. એને એ જીવથી પણ વધારે વહાલી છે. અમારી પાસે સારું એવું સેવીંગ્સ પણ થઈ ગયું. મને તો લાગતું હતું કે સ્વર્ગ અમારી પાસે જ છે. દર

વીક એન્ડમાં ક્યાંકને ક્યાંક હરવા–ફરવા જવું, ગુજરાતી સમાજના કાર્યક્રમોમાં જવું, બીજા ધાર્મીક પ્રસંગોમાં ભાગ લેવો... આ બધું કરવાની બહુ મઝા આવતી. અમારું મીત્રમંડળ પણ ઘણું મોટું થઈ ગયું હતું. ગોપાલ સમાજની પ્રવૃત્તીઓમાં આગળ પડતો ભાગ લેવા માંડેલો.

‘સદ્‌ભાગ્યે અમારાં અમેરીકન પાડોશીઓ, માઈક અને જીના પણ એટલાં જ પ્રેમાળ અને માયાળુ નીકળ્યાં. અમારી દીકરીઓને ખુબ વહાલ કરવા લાગ્યાં. એમને એકે સંતાન નહોતું એટલે અમારી દીકરીઓને જ જાણે પોતાની દીકરીઓ માનવા લાગ્યાં. અમારા બન્ને ફેમીલી વચ્ચે બહુ નીકટતાનો નાતો બંધાઈ ગયો. દીકરીઓને જાણે કે બે પેરેન્ટ્સ્ (parents) અને બે ઘર મળી ગયાં ! માઈક અને ગોપાલની દોસ્તી ખુબ ઘનીષ્ઠ બની ગઈ. એક બીજાના બૅકયાર્ડમાં, એક બીજાની કાર ઉપર કે ઘરના કોઈ પ્લમ્બીંગની તકલીફ વખતે બન્ને સાથે જ રહેતા.

‘એવામાં માઈકની પત્ની જીના માંદી પડી. થોડા દીવસ તો નાનીમોટી દવાઓ કરી. પણ પછી એમાંથી એને ન્યુમોનીયા થઈ ગયો અને જીના અમારી વચ્ચેથી ચાલી ગઈ. માઈકનું તો જાણે કાળજું કપાઈ ગયું ! અમને બધાને પણ જબરો આઘાત લાગ્યો.

‘હું અને ગોપાલ માઈકને બને એટલી કંપની આપી, એની એકલતા ટાળવા પ્રયત્ન કરતાં. છોકરીઓ પણ માઈક અંકલને ખુશ રાખવા મથ્યા કરતી.

‘સમય ક્યાં બેસી રહે છે ! પાંચ વર્ષનો ગાળો વીતી ગયો. તકદીરે હવે મારા ઉપર વજ્રનો ઘા કર્યો. જાણે ઓચીંતી વીજળી મારા માથા ઉપર ત્રાટકી.

‘એક સાંજે ગોપાલને ઑફીસમાંથી ઘરે આવતા વાર થઈ. હું આતુરતાથી એની રાહ જોતી હતી. ત્યાં પોલીસનો ફોન આવ્યો કે એને ભયંકર એક્સીડન્ટ થયો છે અને ઈમરજન્સીમાં દાખલ કર્યો છે. ડ્રાઈવ કરીને હૉસ્પીટલમાં જવા જેટલા હોશ મારામાં નહોતા. તરત મેં માઈકને ફોન કર્યો. એણે તરત ગાડી બહાર કાઢી અને હું તથા છોકરીઓ હૉસ્પીટલે પહોંચ્યાં. ડૉક્ટરો અને નર્સો પુરેપુરી કોશીશ કરી રહ્યાં હતાં. થોડા કલાક પછી અમે ગોપાલને જોઈ શક્યાં. મારા ભાઈ–ભાભી પણ ત્યાં આવી પહોચ્યાં હતાં. ગોપાલ હજુ બેહોશ હતો. ડૉક્ટરોએ આઘાતજનક સમાચાર આપ્યા કે ગોપાલને ‘સ્પાઈનલ ઈન્જરી’ થઈ છે. એટલે હવે એના હાથ તથા પગ બન્ને અપંગ થઈ જવાની પુરી શક્યતા છે. અને એવું જ થયું. ગોપાલ જ્યારે ઑપરેશનના ઘેનમાંથી બહાર આવ્યો અને એને જાણ થઈ કે પોતાના હાથપગ નકામા થઈ ગયા છે ત્યારે એનું કલ્પાંત મારાથી જોયું જતું નહોતું.

‘ત્રણ મહીને ગોપાલ હૉસ્પીટલમાંથી ઘરે તો આવ્યો; પણ વ્હીલચેર ઉપર આવ્યો. મારા સંસારનું એક ચક્ર સાવ ભાંગી ગયું !. મારા માથે અચાનક જ મોટો બોજ આવી પડ્યો. ગોપાલ શરીર અને મનથી સાવ તુટી પડ્યો હતો. એ પોતે પોતાની આ હાલત સહન કરી શક્યો નહોતો. હું એને બહુ સાંત્વન આપ્યા કરતી...

‘ગોપાલ, તું જીવતો આવ્યો એ જ મારા માટે તો કીમતી વસ્તુ છે. મારા હાથપગ એ તારા જ હાથપગ છે ને ! તું આમ હીમ્મત ના હારીશ !’

'હું તનમનથી ગોપાલની કાળજી કરવામાં લાગી ગઈ. મારા માતાપીતા પણ ઈન્ડીયાથી એને મળવા આવી ગયાં. ગોપાલને ઓછું ના આવે એ રીતે અમે સૌ એની કાળજી રાખવા લાગ્યાં.

'માઈક પણ સતત એની સાથે રહેતો અને હીમ્મત આપ્યા કરતો. બહાર નાનાંમોટાં કામમાં માઈક ખુબ મદદ કરવા લાગ્યો. ઘરના રોજીન્દા કામ ઉપરાંત ગોપાલની સેવામાં હું સતત પરોવાએલી રહેતી. સાંજ પડે બહુ થાકી જતી. દીકરીઓ સાથે પણ જોઈએ એટલો સમય કાઢી શકતી નહીં. આ કટોકટીના કાળમાં માઈક સતત અમારા આખા ફેમીલીની પડખે ખભેખભો ભીડાવીને ઉભો રહ્યો. ગોપાલ તો આંસુભીની આંખે માઈકને ઘણી વાર કહેતો : 'માઈક, તું ના હોત તો અમારું શું થાત ? તારો આ સાથ, સહકાર અને ઉપકાર કદી નહીં ભુલાય.'

'એકાદ વર્ષ વીત્યું. હવે આર્થીક ભીંસના આકરા દીવસો શરુ થયા. સેવીંગ્સ ક્યાં સુધી ચાલે ? ઘર બહુ મોટું હતું એટલે એનું મોરગેજ પણ ભારે પડવા માંડ્યું. અમે નીર્ણય લીધો કે આ ઘર વેચીને નાનું ઘર લેવું. સારા પાડોશી ગુમાવ્યાનો માઈકને મનમાં બહુ રંજ થવા લાગ્યો. પણ બીજો કોઈ રસ્તો નહોતો. થોડા દીવસમાં નજીકમાં જ, એક નાનું ઘર મળી પણ ગયું. અમને મુવ કરવાની બધી જ વ્યવસ્થા માઈકે કરી અને અમે નાના ઘરમાં રહેવા આવી ગયાં. અમારી આ આર્થીક પડતી ગોપાલથી સહન થતી નહોતી. એની બળતરા, એની વ્યથા હું અનુભવી શકતી હતી. એ સદા ઉદાસ રહ્યા કરતો. હું એને બહુ સમજાવ્યા કરતી; છતાં એનું મન માનતું નહીં.

'એક રવીવારની બપોરે ચાનો કપ લઈને હું એની પાસે ગઈ. એ સુમસામ એની વ્હીલચેરમાં બેઠો હતો.

'ગોપાલ, શું થયું છે ? આજે સવારથી તું એક અક્ષર પણ બોલ્યો નથી. આમ કંટાળવાથી કેમ ચાલશે ? શું થયું છે મને કહે.'

'બહુ વીનવ્યા પછી ગોપાલ બોલ્યો : 'હું જે કહું, તે કરવાનું તું પ્રોમીસ આપે; તો હું કહું.'

'ગોપાલ, હું તારી પત્ની છું. તન, મન, ધનથી શક્ય હોય તે બધું જ હું કરવા તૈયાર છું. બોલ, શું છે ?'

'એમ નહીં.. પ્રોમીસ આપ.'

'સારું ચાલ... પ્રોમીસ... હવે બોલ.'

'ગોપાલે બોલવાનું શરુ કર્યું. એના મોંમાંથી જે શબ્દો નીકળવા માંડ્યા એ મારા હૈયાને દઝાડવા માંડ્યા. હું ખુબ ગુસ્સે થઈ ગઈ. પહેલા તો એણે માઈકના બહુ વખાણ કર્યાં. માઈક કેવો ભલો, પરગજુ, ઉદાર અને આપણા કુટુમ્બ માટે કેટલો ઉપયોગી માણસ છે એ બધુ કહેવા માંડ્યો. બન્ને દીકરીઓ પણ માઈક અંકલને કેટલી ચાહે છે એની વાત કરી. પછી એણે ધડાકો કર્યો.

'રાધા, તારે પૈસા અને પુરુષની જરુર છે. પ્રમાણમાં તારી ઉમ્મર હજુ નાની છે. જીન્દગી હજુ બહુ લાંબી છે. હું તો તને હવે કાંઈ જ ઉપયોગી નથી રહ્યો. ઉલટાનો બોજારુપ બની ગયો છું. હું તારી આ લાચારી જોઈ શકતો નથી. એકલા હાથે દીકરીઓ ઉછેરવી અને સંસારનો બોજ ઉઠાવવો એ સહેલી વાત નથી. આ અપંગતા કરતાં હું એ એક્સીડન્ટમાં મરી ગયો હોત તો સારું હતું. મારા મનમાં એક વીચાર, એક વાત બહુ વખતથી ઘુમરાયા કરે છે. તે હવે તને કહું... તું મને કોઈ નર્સીન્ગ હોમમાં રહેવાની વ્યવસ્થા કરી આપ અને માઈક સાથે પરણીને સંસાર પુરો કર. એના જેવો સુપાત્ર પુરુષ તને નહીં મળે. તું કહે તો હું જ એને આ વાત કરું.'

'ગોપાલ, તને શરમ નથી આવતી આવી વાત કરતાં ?' હું લાલપીળી થતી એની પાસેથી ઉભી થઈ ગઈ. એ રાત્રે, એને પથારીમાં સુવાડી આખી રાત એની બાજુમાં સુતી સુતી હું રડતી રહી. એની સાથે મોડે સુધી આ બાબત ખુબ ઝઘડી. એ મને આશ્વાસન આપતો રહ્યો.

'કોણ જાણે ગોપાલના મનમાં શું ભરાઈ ગયું હતું ! એ રાતદીવસ મને આ જ વાત કર્યા કરતો. મારા ગુસ્સાની કે મારી અકળામણની પરવા જ નહોતો કરતો. એની એક જ દલીલ હતી કે be practical. એની દલીલોને હું પહોંચી વળતી નહોતી. આખરે એક દીવસ એ મારી પાસે 'હા' પડાવીને જ જંપ્યો. તરત બીજા જ દીવસે એણે માઈકને પણ વાત કરી દીધી. માઈકને પણ જબરો આંચકો લાગ્યો.

'એ જ દીવસે માઈકનો મારી જૉબ ઉપર ફોન આવ્યો.

'રાધા, તારી જૉબ ઉપર ફોન કરવા બદલ માફી માંગુ છું; પણ એવું કાંઈક બન્યું છે કે તારી સાથે વાત કર્યા વીના છુટકો નથી.'

'શું બન્યું છે ?'

'આ ગોપાલ કેવી વીચીત્ર વાત કરી રહ્યો છે એ તને ખબર છે ?'

'મારી આંખમાં આંસુ ધસી આવ્યાં. અવાજ ગળગળો થઈ ગયો. મેં કહ્યું, 'હા... મને ખબર છે. પણ આ અંગે અત્યારે હું વધારે કંઈ વાત કરી શકું એમ નથી.'

'હું સમજું છું... ભલે... પછી વાત કરીશું.' માઈકે ફોન મુકી દીધો.

'માઈક સાથે લગ્ન કરી લેવાના ગોપાલે મારા મગજમાં ઘુસાડેલા કીડાને લીધે માઈક તરફની મારી દૃષ્ટીમાં પણ જાણે કાંઈક વીચીત્રતા આવી ગઈ. મનમાં ને મનમાં ગુસ્સે થઈને હું ખુબ અકળાઈ.

'બીજા દીવસે ગોપાલને થેરપી માટે હું અને માઈક એને હૉસ્પીટલમાં લઈ ગયા. અન્દર ગોપાલની થેરપી ચાલતી હતી ત્યારે બહાર લૉબીમાં બેસીને માઈકે વાત કાઢી.

'રાધા, આ ગોપાલે શું ધાર્યું છે !'

'માઈક, મને કંઈ સમજાતું નથી. એ તો થોડા દીવસથી આ બાબતની જીદ લઈને બેઠો છે. હું શું કરું ?'

'એણે મને તો એવું કહ્યું કે તું પણ એમાં સમ્મત થઈ છે.'

'એની જીદ આગળ હું કરું પણ શું ? I am very sorry that he is putting you also through this weird notion. માઈક, ગોપાલને મારા અંતરના ઉંડાણથી ચાહું છું. ચાહતી આવી છું અને ચાહતી રહીશ. નર્સીન્ગ–હૉમમાં જવાની એની વાતથી તો હું એના પર બહુ ખીજાઈ છું. એ મારાથી કદી બને જ નહીં. મારો જીવ ત્યાં એ નર્સીન્ગ હૉમમાં જ રહે.'

'રાધા, થોડા દીવસ ધીરજ રાખ. ગોપાલ જેવો એકદમ શક્તીશાળી માણસ આમ એકાએક સાવ ઉપયોગ વગરનો બની જાય ત્યારે ડીપ્રેસ થઈ જાય. આપણે એને ધીમેધીમે પાછો આનન્દી મુડમાં લાવી દઈશું. પછી એવું બોલતો બંધ થઈ જશે.'

'I hope કે તમારા શબ્દો સાચા પડે. બાકી હું એને ઓળખું છું. આ લગ્નનું પુંછડું એ પકડી ના રાખે તો સારું. હા, એનું  મોઢુ બંધ કરવાનો એક રસ્તો છે.તમારે સંમત નહીં થવાનું... સ્પષ્ટ ના પાડી દેવાની.'

'હા, બરાબર છે. હું મક્કમતાથી એને 'ના' પાડી દઈશ.'

'માઈકના અવાજમાં મને કંપારી સંભળાઈ. એની આંખના ખુણા સહેજ ભીના થતા દેખાયા.'

'માઈક, શું થયું ?'

'કાંઈ નહીં રાધા. જ્યારથી ગોપાલે આ લગ્નની વાત કરી છે ત્યારથી મારા મનમાં વીચારોનાં વાવાઝોડાં શરુ થયાં છે. ક્યારેક વળી મેઘધનુષના રંગો દેખાય છે... બે દીકરીઓ... તારા જેવી રુપાળી અને સુશીલ પત્ની... આ બધું જાણે ઉપરવાળો ભગવાન મારા ખોળામાં નાખવા માંગતો હશે..!? કંઈ નહીં... રાધા, જવા દે. એક તરફ તું, બીજી તરફ મારા જીગરી દોસ્ત ગોપાલે પોતે છેડેલી આ લગ્નની વાત... મારે શું કરવું જોઈએ ? પ્લીઝ રાધા, મારા વીશે કોઈ ખોટો અભીપ્રાય બાંધી ના બાંધી લઈશ.'

'એટલામાં, ગોપાલને લઈને નર્સ બહાર આવી. માઈકે ઉભા થઈને તરત ગોપાલની વ્હીલચેર સંભાળી લીધી. અમે ઘરે આવી ગયાં. તરત ગોપાલે એની એ જ વાત કાઢી.

'રાધા, માઈક સાથે તે વાત કરી ?'

'ગોપાલ પ્લીઝ, તું આ તારું પાગલપણ છોડ.'

'રાધા, આ પાગલપણ નથી. It is a reality of life. મારી અપંગ હાલતમાં હું તારી જીન્દગીનો વીચાર ના કરું તો હું મહાસ્વાર્થી ગણાઉં. હું એવો નથી. હું જ હવે માઈક સાથે તારી હાજરીમાં વાત કરીશ.'

ગોપાલે બીજે દીવસે મને અને માઈકને ભેગાં કર્યાં. વાતો થઈ. ચર્ચાઓ થઈ. દલીલો થઈ. હું તો રડારડ કરીને દલીલો કરતી હતી. પણ ગોપાલ એની વાતમાં અડગ રહ્યો. ખુબ મક્કમ રહ્યો. આખરે હું અને માઈક સમ્મત થયાં. પણ માઈકે તદ્દન કલ્પના બહારની એક શરત મુકી.

'ગોપાલ, હું રાધા સાથે લગ્ન કરવા તૈયાર છું. પણ એક શરતે. તારે સદાને માટે અમારી સાથે જ રહેવાનું. નર્સીન્ગ હોમમાં જવાની વાત પણ નહીં કરવાની. You are my buddy. ઉપરાંત તું તો એક મહા ત્યાગી, વીર જેવો મને લાગે છે. હું તને નહીં છોડું. તારી બધી સાર–સંભાળ, સેવા ચાકરી હું અને રાધા કરીશું. છે શરત મંજુર ?'

'ગોપાલની આંખમાં આનન્દના આંસુ આવ્યાં. એ સંમત થયો. નંદાબહેન, હું આ બે પુરુષોની મહાનતા વચ્ચે ફસાઈ ગઈ. મને બન્ને બહુ વીશીષ્ટ પુરુષો લાગે છે.' નંદાબહેન, મારા જીવનની એક સૌથી વધારે કરુણ પળ હું કદી નહીં ભુલું ...'

'કઈ પળ ? મેં પુછ્યું.'

'નક્કી કર્યા પ્રમાણે, બીજા દીવસે વકીલની મદદથી માઈક; ગોપાલના અને મારા ડીવોર્સ પેપર તૈયાર કરાવી લાવ્યો. કાગળીયાં મારા હાથમાં મુકીને તરત જ ચાલ્યો ગયો.

'મેં ગોપાલને પેપર્સ બતાવ્યાં. ગોપાલે એના ધ્રુજતા હાથે પેપર ઉપર સહી કરવાની તૈયારી કરી. એ વખતે મારા મોંમાંથી ચીસ પડી ગઈ હતી. હું ગોપાલને વળગી પડેલી. 'ગોપાલ, આ બધું શું થઈ રહ્યું છે ?'

'ત્યાર પછીના અઠવાડીયે ચર્ચમાં તદ્દન સાદાઈથી અમે લગ્ન કરી લીધાં. માઈક દીકરીઓને લગ્નમાં હાજર રાખવા આગ્રહ રાખતો હતો. દીકરીઓને કે ગોપાલને ત્યાં હાજર રાખવા મારું મન માન્યું નહીં. માઈક મને વીંટી પહેરાવતો હતો ત્યારે મને તો જાણે કશું ભાન પણ નહોતું. અમારાં લગ્નની વાત આપણા સમાજમાં ફેલાતાં અમારું મીત્રમંડળ તુટતું ગયું. કોઈએ અમારો સ્વીકાર કર્યો નહીં. સમાજ અને મન્દીરની પ્રવૃત્તીઓમાં પણ આવકાર મળતો બંધ થઈ ગયો. મને બહુ લાગી આવે છે... પણ શું કરું ! હા, માઈકના ચર્ચમાં અને એના સગાં સમ્બન્ધીઓમાં અમને સ્થાન મળ્યું.

'લગ્ન પત્યાં અને માઈક સાથે મારો નવો સંસાર શરુ થયો. બે પુરુષો વચ્ચે જીવવાની મારી જીન્દગી શરુ થઈ. શરુઆતનાં થોડાં અઠવાડીયાં તો હું સાવ લાગણી શુન્ય બની ગઈ હતી. લગ્નની રાતે રોજની ટેવ પ્રમાણે મેં ગોપાલને બેડમાં ચઢાવ્યો. એની બાજુમાં હું સુવા જતી હતી, ત્યાં ખ્યાલ આવ્યો કે માઈક એના બેડરુમમાં મારી રાહ જોતો હશે. હવે મારી ફરજ બદલાઈ હતી. મારું હૈયું ચીરાયું. ડુમો ભરાઈ આવ્યો. પણ મેં ખુબ સંયમ રાખ્યો. એના કપાળ ઉપર ગાઢ ચુંબન કર્યું, આંસુ ભરી આંખે એના માથા ઉપર હાથ ફેરવ્યો. ધીમે રહી એને બ્લેન્કેટ ઓઢાડીને હું રુમમાંથી બહાર નીકળી. માઈકની રુમમાં આવી છુટે મોઢે રડી પડી. માઈકે મને ખુબ આશ્વાસન આપ્યું. મને લાગતું હતું કે ગોપાલની જીદ આગળ નમતું મુકીને આ લગ્ન કરવાનું મેં પગલું લીધું એમાં બહું મોટી ભુલ કરી છે. મહીનાઓ સુધી મારી આ હાલત રહી. માઈકને હું કશું સુખ આપી શકતી નહોતી. પરન્તુ માઈક બહુ સમજદાર અને ધીરજવાળો પુરુષ છે. મારી આ ડાલમડોલ હાલતમાં એણે મને બહુ પ્રેમથી સાચવી લીધી.

'હું માઈકથી ટેવાવા લાગી. એનો સ્વીકાર કરવા લાગી. ગોપાલની અંગત કાળજી – એને નવરાવવો, કપડાં પહેરાવવાં, સંડાસમાં બેસાડવો, જમાડવો આ બધું હું અને માઈક બહુ ભક્તીથી કરતાં. મારા કરતાં માઈક જ વધારે કરતો. પણ ગોપાલ તો એ કામની બધી અપેક્ષા મારી પાસેથી રાખતો. એ બોલતો નહીં; પણ એના હાવભાવ અને એના વર્તનથી હું સમજી જતી. ક્યારેક વળી એવું પણ બનતું કે હું ગોપાલ પાસે બેઠી હોઉં અને માઈક એના કામેથી ઘરે આવે, ત્યારે હું એને ચા–કોફી કે ડીનર પીરસવામાં લાગી જતી, તો એ ગોપાલને ગમતું નહીં.

'સાંજે કામ ઉપરથી આવેલા માઈક માટે એને ગમતી કૉફી બનાવીને એની પાસે ના બેસું તો એ બોલી જતો કે 'આખો દીવસ તો તું ગોપાલ પાસે જ હોય છે... હું આવું ત્યારે થોડો વખત પણ મારા માટે નહીં ?'

'નંદાબહેન, હું શું કરું ! માઈક પણ આખરે મારો પતી તો ખરો જ ને !' રાધાની આંખોમાં નરી વેદના ભરાઈ આવી.

'નંદાબહેન, હવે માઈકના મનમાં પણ એવું ભરાઈ ગયું છે કે હું આખો વખત ગોપાલની સેવામાં જ રહું છું અને એનો તો કાંઈ વીચાર જ કરતી નથી. એટલે હવે એ પણ મારા પર નારાજ રહ્યા કરે છે.

'સૌથી વધારે દુઃખદ આઘાત મને ગયા અઠવાડીયે લાગ્યો. હું ઉદાસ થઈને એકલી બેઠી હતી. મારી મોટી દીકરી આવી. એ હવે કૉલેજના પહેલા વર્ષમાં છે. સમજણી થઈ છે. એ મારી પાસે બેઠી. હવે કદાચ એ મારી ઉદાસીનતાની, મારી નીરાશાની હાલત સમજી શકશે એવું મેં માન્યું. આ રીતના લગ્નથી હું કેવી લાગણીઓનાં વાવાઝોડાંમાં ફસાઈ ગઈ છું... એ બધી વાત મેં એને કરી. એની પાસેથી હુંફના બે શબ્દોની બહુ આશા હતી. પણ એણે તો ફટ કરતો જ ઠંડોગાર જવાબ આપ્યો... "Mom you should not have done it in the first place. But it is too late now. I still love you mom." આ રીતનો લાગણીહીન જવાબ આપી એ રસોડામાં કંઈક ખાવા ચાલી ગઈ.

'નંદાબહેન, આ લોકો મારી છાતી ચીરીને જોઈ શકતા હોય તો એમને અંદર દેખાય કે હું કોઈને પક્ષપાત કરતી નથી. બધાંને સરખો જ પ્રેમ આપવા હૈયું તોડ્યા કરું છું. છતાં આ લોકો અંદરોઅંદર એક બીજાની ઈર્ષ્યા કરે છે અને મને પક્ષપાતી માની બેઠાં છે. મને કોણ ન્યાય આપે ! ગોપાલની જીદને હું વશ થઈ ગઈ, એ મોટી ભુલ કરી બેઠી.'

રાધાનું આ મનોવેદનાભર્યું મનોમંથન હું સાંભળતી જ રહી. આ રીતની પરીસ્થીતીમાં મુકાયેલી, આવા ધર્મસંકટમાં ફસાયેલી, સ્ત્રીને હું આજ સુધી કદી મળી નહોતી.

–કુમુદ પરીખ

(કેલીફોર્નીયા, અમેરીકામાં ચાર દાયકાથી રહેતા શ્રી. આનન્દરાવ લીંગાયત (gunjan.gujarati@gmail.com) સુપ્રતીષ્ઠીત વાર્તાકાર અને ભાષાન્તરકાર છે. 'ગુંજન' નામનું ગુજરાતી દ્વૈમાસીક પ્રકાશીત કરી સૌ ગુજરાતી પરીવારોને તેઓ મફત વહેંચે છે. વીદેશમાં વસી ગુર્જરગીરાનો દીપ રોશન રાખનાર સૌ ગુજરાતીપ્રેમીઓને સલામ !)

આ વાર્તાનું કેવું નસીબ ! લેખીકાએ વાર્તા લખી ત્યારે એનું શીર્ષક હતું 'સાવકો બાપ'. 'ગુંજન'માં નવેમ્બર 2005માં તે પ્રકાશીત થઈ ત્યારે આ જ વાર્તાનું નામ હતું 'મારા Ex-Husband' અને આજે 2015માં 'સન્ડે ઈ.મહેફીલ'માં એ પ્રકાશીત થઈ રહી છે ત્યારે તે, વલસાડનાં બહેન આશા વીરેન્દ્રે વહાલથી સુચવેલા 'આજની દ્રૌપદી'ના નામે !

આ વાર્તા અમેરીકાસ્થીત બહેન કુમુદ પરીખે લખી છે. સમાજના પ્રશ્નોને રોચક વાર્તા દ્વારા કલાત્મક રીતે સમાજ સામે રજુ કરવાનો તેમનો આ કસબ દાદ માગી લે તેવો છે. વાર્તા મોકલવા બદલ ભાઈ આનંદરાવનો આભાર.. અને 'સ.મ.'માં તે પ્રકાશીત કરવાની પરવાનગી માટે પણ લેખીકાબહેન અને પ્રકાશકશ્રી બન્નેનો ખુબ આભાર...

આ વાર્તાનું શીર્ષક 'આજની દ્રૌપદી' સુચવવા બદલ વલસાડનાં બહેન આશા વીરેન્દ્ર (avs_50@yahoo.com)નો પણ આભાર.. ..ઉત્તમ ગજ્જર..

લેખીકા–સમ્પર્ક :
Kumud Parikh
Address:
1998-Calafia St.,Glendale, California -USA
Phone : 818-243-1405 eMail : kumudpari@yahoo.com

♦●♦

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ અગીયારમું – અંકઃ 327 – July 26, 2015

‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકનઃ ગોવીન્દ મારુ - govindmaru@yahoo.co.in

@@@@@

More than 3,15,00,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 47,76,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,76,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,82,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@